सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફરીયાદ દાખલ તા :– | ૦૧/૦૧/ ૨૦૨૧ | | |
| ફરીયાદ રજી. તા :– | ૦૧/૦૧/ ૨૦૨૧ | | |
| કેસ ફેંસલ તા :– | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો :– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૫ | ૦૬ | ૨૭ |

**ઉમરગામના મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓની કોર્ટમાં, મુકામ–ઉમરગામ**

**ફોજદારી કેસ નં.:–૨૨/૨૦૨૧**

**આંક:–**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **નામદાર સરકાર શ્રી** |
| | **–: વિરૂધ્ધ :–** |
| **આરોપી :–** | **(૧) હિંતભાઈ શશીકાંતભાઈ પટેલ,**<br>ઉંમર:–૪૭ વર્ષ, વ્યવસાય:– ખેતી,<br><br>**(૨) હિતુલભાઈ હિંમતભાઈ પટેલ,**<br>ઉંમર:–૧૯ વર્ષ, વ્યવસાય:– અભ્યાસ ,<br>બંને રહે. ડહેલી, ભંડારવાડ,<br>તા. ઉમરગામ, જિ વલસાડ<br><br>**(૩) રીતેશભાઈ નવીનભાઈ પટેલ,**<br>ઉંમર:–૩૭ વર્ષ, વ્યવસાય:– ડ્રાઈવર,<br>રહે. સરીગામ, ભરવાડ ફળીયું, તા.ઉમરગામ,<br>જી.વલસાડ<br><br>**(૪) મહેશભાઈ હરીશભાઈ માહ્યાવંશી, (મરણ)**<br>ઉંમર:–૪૭ વર્ષ, વ્યવસાય:– ખેતી,<br>રહે. ડહેલી, માહ્યાવંશી ફળીયું,તા. ઉમરગામ,<br>જિ. વલસાડ. |

**ગુન્હો:– ઇ.પી.કો. કલમ–૩૨૩,૫૦૪,૫૦૭,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ:– ૧૩૫ મુજબ...**

------------------------------------

**// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ.પી.ગામિત//**

**// આરોપી તરફે વિ.વ.શ્રી બી.જી.પટેલ//**

------------------------------------

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૨/૦૪/૨૦૨૦ ના કલાક ૨૦/૫૬ વાગ્યાના સુમારે હિંમતભાઈ શશીકાંતભાઈ પટેલનાએ ફરીયાદીના ઘરે ફરીયાદીના દીકરા સાહેદ હીરેનભાઈ ઠોકોરભાઈ પટેલ નાઓને મોબાઈલ પર બીભત્સ નાલાયક ગાળો આપી,ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપી અને આશરે ૧૫ મીનીટ બાદ આરોપીઓ ઈકકો કાર નં.– જીજે–૧૫–સીજી–૮૦૧૩ માં આવી આરોપી નં–૨ હીતુલભાઈ હિંમતભાઈ પટેલનાઓ હાથમાં ક્રિકેટ સ્ટંપ લઈને આવી ફરીયાદીના પતિને ગાળો આપી, છાતીના ભાગે સામાન્ય ઈજા કરી, સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ તથા ફરિયાદી તથા જાહેર શાંતિનો ભંગ કરવા પ્રેરાય તે રીતે ગાળો આપી અપમાનિત કરેલ તથા જાનથી મારી નાંખવાની ગુનાહિત ધમકી આપી, તથા બનાવ વખતે મહે. અધિક જિલ્લા મેજી. સાહેબશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં લાકડા જેવા મારક હથિયાર ધારણ કરી, ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૭, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ– ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય, ભીલાડ પો.સ્ટે. ગુન્હા રજીસ્ટ્રેશન નંબર :– ૧૧૨૦૦૦૭૨૦૦૬૫૮ થી ગુન્હો રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

(૨) આ કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, મારા

પુરોગામી ન્યાયાધિશશ્રી નાઓએ આરોપીઓને વિનામુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક:-૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક:-૦૫ થી ૦૮ ધ્વારા આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં, આરોપીઓએ ગુન્હાનો સ્પષ્ટપણે ઇન્કાર કરતાં, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

આ કામે આરોપી નં. ૦૪ મહેશભાઈ હરીશભાઈ માહ્યાવંશી નાઓ મરણ ગયેલ હોવાનું આંક:-૧૨ થી મરણ સર્ટીફીકેટ રજુ થતા આંક:- ૦૧ લગત હુકમ કરી આરોપી નં. ૦૪ સામેનો કેસ એબેટ કરતો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદી કમુબેન W/O ઠાકોરભાઈ પટેલની જુબાની | આંક:- ૧૪ |
| (૨) | પંચ સાહેદ દિવ્યેશભાઈ વસંતભાઈ પટેલની જુબાની | આંક:- ૧૬ |
| (૩) | પંચ સાહેદ દિવ્યેશભાઈ વસંતભાઈ પટેલની જુબાની | આંક:- ૧૮ |
| (૪) | પંચ સાહેદ લક્ષ્મણભાઈ વેસુભાઈ ધનારીચાની જુબાની | આંક:- ૨૦ |
| (૫) | પંચ સાહેદ લક્ષ્મણભાઈ વેસુભાઈ ધનારીચાની જુબાની | આંક:- ૨૧ |
| (૬) | સાહેદ હિરેનભાઈ ઠાકોરભાઈ પટેલની જુબાની | આંક:-૨૨ |
| (૭) | સાહેદ મેઘનાબેન W/O હિરેનભાઈ પટેલની જુબાની | આંક:-૨૩ |
| (૮) | સાહેદ ઠાકોરભાઈ જીવનભાઈ પટેલની જુબાની | આંક:-૨૪ |
| (૯) | ત.ક.અ. હેમંતભાઈ વેણીલાલ ગોહીલની જુબાની | આંક:-૨૯ |

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| | | |
|---|---|---|
| (૧) | આરોપી નં. ૪ નો મરણનો દાખલો | આંક:- ૧૨ |
| (૨) | ફરીયાદ | આંક:- ૧૫ |

| | | |
|---|---|---|
| (૩) | આરોપીનું અટકનું પંચનામું | આંક:– ૧૭ |
| (૪) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આંક:– ૧૯ |

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ વધુ પુરાવા આપવા માંગતા ન હોવાનું મૌખિક જાહેર કરતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર આવતા હોય, આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(i) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૨/૦૪/૨૦૨૦ ના કલાક ૨૦/૫૬ વાગ્યાના સુમારે હિંમતભાઈ શશીકાંતભાઈ પટેલનાએ ફરીયાદીના ઘરે ફરીયાદીના દીકરા સાહેદ હીરેનભાઈ ઠોકોરભાઈ પટેલ નાઓને મોબાઈલ પર બીભત્સ નાલાયક ગાળો આપી, ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપી અને આશરે ૧૫ મીનીટ બાદ આરોપીઓ ઈકકો કાર નં.– જીજે–૧૫–સીજી–૮૦૧૩ માં આવી આરોપી નં–૨ હીતુલભાઈ હિંમતભાઈ પટેલનાઓ હાથમાં ક્રિકેટ સ્ટંપ લઈને આવી ફરીયાદીના પતિને ગાળો આપી, છાતીના ભાગે સામાન્ય ઈજા કરી, સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ તથા ફરિયાદી તથા જાહેર શાંતિનો ભંગ કરવા પ્રેરાય તે રીતે ગાળો આપી અપમાનિત કરેલ તથા જાનથી મારી નાંખવાની ગુનાહિત ધમકી આપી, તથા બનાવ વખતે મહે. અધિક જિલ્લા મેજી. સાહેબશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં લાકડા જેવા મારક હથિયાર ધારણ કરી, ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૭, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ– ૧૩૫ મુજબ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે?

**(ii)** શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબના છે:–
(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

(૭) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓની તથા બચાવપક્ષે વિ.વ.શ્રીનાઓની દલીલ સાંભળવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ટાળવા પુરાવાનાં પુથ્થકરણમાં વણી લેવામાં આવે છે.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર:–૦૧ અને ૦૨**

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી ફરિયાદી કમુબેન ઠાકોરભાઈ પટેલ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં, બનાવ તા. ૨૨/૦૪/૨૦૨૦ ના રોજ રાત્રે ૦૮/૫૬ મિનીટે તેમના દિકરાના ફોન ઉપર ધમકી આપેલી કે તને મારી નાખીશ અને ગાળો આપેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેઓની સોસાયટીમાં ગટરનું પાણી નીકળતુ હતુ તે બાબતે તેમના દિકરા હિરેને ઈન્ટરવ્યુ આપેલ અને તે ઈન્ટરવ્યુ તેઓના દિકરાએ મોબાઈલમાં સાંભળેલું અને સોસાયટીમાં કહેવા ગયેલ તે બાબતની અદાવત રાખી ચાર–પાંચ જણ ઈકો ગાડી લઈને આવેલા. જેમાંથી આ સાહેદ હિમંતભાઈને ઓળખે છે. તેઓએ આવીને જણાવેલ કે, તારો દિકરો કયાં છે તેને બહાર કાઢ આ સાહેદે જણાવેલ કે, મારો દિકરો ઘરે નથી. એટલે તેઓ આ સાહેદને માર મારવા લાગેલ અને આરોપીઓઓ લાઈટ કાપી નાખેલ. બનાવામાં તેઓના પતિને પણ આરોપીઓએ માર મારેલ અને આરોપીઓથી વધુ મારથી બચવવા લોકોએ તેઓને છોડાવેલ. બનાવ બાબતે આ સાહેદે ફરીયાદ આપેલ. આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ

ઉલટતપાસમાં સ્વીકારે છે કે, તેઓને આરોપીઓએ માર મારેલાની હકીકત ફરિયાદમાં લખાવેલ નથી. એટલે આ સાહેદના પુરવામાં વિરોધાભાસ જણાય આવે છે. તે વિરોધાભાસ આરોપીપક્ષે પુરવાર કરેલ છે. એ વાત સ્વીકારે છે કે, આરોપીઓએ લાઈટ કાપી નાખેલ તેવી વિગત લખાવેલ નથી. તે હકિકતમાં પણ વિરોધાભાસ જણાય આવે છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓના વધુ મારથી લોકોએ તેઓને છોડાવેલ એ હકિકત લખાવેલ નથી. એટલે આ હકિકતમાં પણ વિરોધાભાસ જણાય આવે છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ ફરિયાદ તા. ૨૭/૦૪/૨૦૨૦ ના રોજ આપેલ.વધુમાં સાહેદ જણાવે છે કે તા. ૨૫/૦૪/૨૦૨૦ ના રોજ ફરિયાદ આપેલી. ત્યારબાદ બચાવપક્ષ દ્વારા સજેસ્ટીવ પ્રશ્નો પુછવામાં આવેલ છે. એ હકિકતનો આ સાહેદે ઈન્કાર કરેલ છે કે બનાવ અંગેની ફરિયાદ આંક–૧૫ થી રજુ છે.

(૯) વધુમાં, આ કામે ફરિયાદપક્ષે આંક– ૧૬ થી પંચ સાહેદ દિવ્યેશ વસંતભાઈ પટેલ આંક–૧૭ વાળા અટક પંચનામાના પંચ સાહેદ છે. આંક–૧૮ થી પંચ સાહેદ દિવ્યેશ વસંતભાઈ પટેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૧૯ થી રજુ છે. આંક–૨૦ થી આંક–૨૧ વાળા પંચ સાહેદ લક્ષ્મણભાઈ વેસુભાઈ ધનારીચા આંક–૧૭ વાળા અટક પંચનામાના પંચ સાહેદ તથા આંક–૧૯ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ બંને પંચ સાહેદ સદર અટક પંચનામા તથા ગુનાવાળી જગ્યાના પંચનામા વિશે કશું જાણતા નથી અને માત્ર તેઓની સહી ઓળખી બતાવે છે. ફરિયાદપક્ષ દ્વારા ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ. વધુમાં, વિ.એ.પી.પી.શ્રી નાઓની વિનંતીથી સદર સાહેદોને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં કોઈ હકીકત જણાવતા નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૨ થી સાહેદ હિરેનભાઈ ઠાકોરભાઈ પટેલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ

પોતાના સોગંદ ઉપરના પુરાવામાં, તેઓ ફરીયાદપક્ષને સમર્થન આપતા જણાવે છે કે, તેઓની પાસે હિમંત શશીકાંતભાઈ પટેલનાઓનો ફોન આવેલ અને જણાવેલ કે મને ઓળખે છે તેથી આ સાહેદે જણાવેલ કે, હું તમને ઓળખતો નથી. જેથી આ આરોપીએ જણાવેલ કે હું હિમંતભાઈ બોલું છું અને આ સાહેદને મા બને સમાની ગાળો આપેલ અને કાપી નાખવાની ધમકી આપેલ એન જણાવેલ કે હું તારા ઘરે આવું છું. કોરોના સમયગાળો હોવાછતાં હિમંત શશીકાંત પટેલ, મહેશ માહ્યાવંશી, હિતુલ હિમંત પટેલ તથા રિતેષ પટેલ નાઓ તેઓના ઘરે આવેલ. તે સમયે આ સાહેદ તેઓના રૂમમાં હતા ને તેઓના માતા પિતા ઓટલા ઉપર બેસેલ હતા. આ આરોપીઓએ તેઓના માતા તથા પિતાને માર મારેલો અને આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલ અને આ સાહેદના ભાણેજે ૧૦૦ નંબર ઉપર ફોન કરી પોલીસને બોલાવેલ. ત્યારે આ આરોપીઓ જે ઈકો ગાડી લઈને આવેલા તે પોલીસે જમા લીધેલ. આ સાહેદ જણાવે છે કે, બનાવનું કારણ હિમંતભાઈ શશીકાંતભાઈ પટેલના ભાઈ ડેપ્યુટી સરપંચ હોય અને તેઓને ત્યાં બિલ્ડીંગ બનેલ અને તેની ગટર વ્યવસ્થા ન હોય અને પાણી રસ્તા ઉપર આવેલ જેથી તેઓની સોસાયટીના માણસો ભેગા મળીને ટીવી ચેનલવાળાને બોલાવેલ અને તેઓએ ઈન્ટરવ્યુ આપેલ. જેથી આ અદાવત રાખીને આ બનાવ બનેલો. આ સાહેદ આરોપીઓને ઓળખી બતાવે છે. આ સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમા આ સાહેદ સ્વીકારે છે કે આરોપીઓએ તેમના માતા પિતાને મારેલ અને ગાળો આપેલ તે વખતે તેઓ તેમના ઘરના ઉપરના રૂમમાં બેઠેલ હતા. એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી એટલે આ સાહેદ નજરે જોનાર સાક્ષી નથી. આ સાહેદ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે તેઓની પાસે મોબાઇલ રેકોર્ડિંગ છે, પરંતુ આ કામે કોઈ મોબાઇલ રેકોર્ડિંગ રજૂ થયેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આંક-૨૩ થી સાહેદ મેઘનાબેન હિરેનભાઈ પટેલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ

પોતાના સોગંદ ઉપરના પુરાવામાં, બનાવ તારીખ ૨૨/૪/૨૦૨૦ ના રોજ એકતાનગર મુકામે સાંજના ૯/૧૫ વાગ્યાની આસપાસ બનેલો. તે સમયે તેઓના પતિ હિરેનભાઈ ઉપર હિંમતભાઈનો ફોન આવેલો અને ગાળાગાળી કરી મારવાની ધમકી આપેલી. ત્યારબાદ ૧૦ થી ૧૫ મિનિટ પછી તે લોકો તેઓના ઘરે આવી ગયેલા. બનાવ સમયે તેઓ ઘરના ઉપરના રૂમમાં હતા. તે લોકોએ તેમના સાસુ–સસરા સાથે મારામારી કરેલી. ત્યારબાદ તેઓ નીચે આવેલા અને ૧૦૦ નંબર ઉપર ફોન કરતા પોલીસ આવેલી. બનાવ સંબંધે તેઓના સાસુએ ફરિયાદ આપેલી, પોલીસે તેઓનો જવાબ લીધેલો નથી. આ સાહેદ આરોપીઓને ઓળખી બતાવે છે અને જણાવે છે કે આરોપી પૈકી મહેશભાઈ હાજર નથી, તેઓ મરણ પામેલ છે. આ સાહેદની ઉલટ તપાસ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે તેઓ ઘરના ઉપરના રૂમમાં હતા અને આ સાહેદ નજરે જોનાર સાક્ષી નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે હિંમતભાઈએ જે ગાળો કે ધમકી આપેલી તે તેઓએ સાંભળેલ નથી. એટલે આ સાહેદ નજરે જોનાર સાક્ષી નથી કે ધમકી આપતા સાંભળેલ નથી. સાહેદ વિશેષમાં જણાવે છે કે હિંમતભાઈનું ફોન ઉપર રેકોર્ડિંગ સાંભળેલું પરંતુ આ કામે રેકોર્ડિંગ રજૂ થયેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૪ થી ભોગ બનનાર સાહેદ ઠાકોરભાઈ જીવણભાઈ પટેલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં, બનાવ બે વર્ષ પહેલાં બનેલો. તેઓ તેમના ઘરે ૯:૩૦ વાગ્યે બેસેલા હતા. બનાવના દિવસે હિંમતભાઈ, મહેશભાઈ તથા બીજા બે માણસો ઈકો ગાડી લઈને સ્તંભ તથા હોકી સ્ટીક લઈને આવેલા અને તેઓની પત્નીને કહેલ કે તારા છોકરાને બહાર કાઢ, તેમ કહી મારામારી કરવા લાગેલા અને મને તથા તેઓને ધક્કો મારી નીચે પાડી દીધેલ અને આજુબાજુના માણસો દોડી આવી તેમને છોડાવેલા. પોલીસને ૧૦૦ નંબર પર ફોન કરતા પોલીસની ગાડી આવતા તે લોકો ભાગી ગયેલા. પોલીસે તેઓનું કોઈ નિવેદન લીધેલ નથી. આ સાહેદને ફરિયાદ પક્ષ

દ્વારા ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષની ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે તારીખ ૨૮/૪/૨૦૨૦ ના રોજ પોલીસે પોલીસ ચોકીમાં તેઓનો જવાબ લીધેલ અને પોલીસે જવાબમાં એવું લખાવેલ છે કે આ ચારેય જણાઓએ તેઓને નાલાયક ગાળો આપતા તેઓએ તે આરોપીઓને નાલાયક ગાળો નહીં આપવા જણાવતા હિંમતભાઈ નાવ એકદમ ઉશ્કેરાઈ જઈને આ સાહેદ સાથે ઝપાઝપી કરતા તેઓને છાતીના ભાગે સામાન્ય ઈજા થયેલી અને હિંમતભાઈ નાવ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલી.આ સાહેદની બચાવ પક્ષ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ તેમના પોલીસ જવાબમાં એવું લખાવેલ નથી કે તેઓને ધક્કો મારી નીચે પાડી દીધેલ. એટલે આ સાહેદના નિવેદન અને જુબાની વચ્ચે સામાન્ય વિરોધાભાસ બનેલ છે. આ સાહેદ સ્વીકારે છે કે પોલીસે જવાબ લખાવેલ તે તેઓની પત્નીએ લખાવેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ વખતે કોરોના મહામારી ચાલુ હતી. ત્યારબાદ આ સાહેદને સજેસ્ટીવ પ્રશ્નો પૂછવામાં આવેલ છે.

(૧૩) આ કામે આંક-૨૬ થી તપાસ અમલદાર હેમંત વેણીલાલ ગોહિલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમના પુરાવામાં તારીખ ૨૨/૦૪/૨૦૨૦ ના રોજ કલાક ૨૧:૦૦ વાગ્યે મોજે દિલ્હી એકતા નગર ફરિયાદીના ઘરના આંગણામાં આ કામના આરોપીઓ હિંમતભાઈ શશિકાંત પટેલ તથા હિતુલ હિંમતભાઈ પટેલ તથા રિતેશ નવીનભાઈ પટેલ તથા મહેશ માયાવાંશીનાઓ એકબીજાની મદદગારી કરી ફરિયાદીના છોકરા હિરેનભાઈનાઓને ઈન્ટરવ્યૂ બાબતે જૂની અદાવત રાખી ટેલિફોન પર નાલાયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને આરોપીઓએ તેઓની ઇકો ગાડીમાં ફરિયાદીના ઘરે જઈ ફરિયાદી તથા તેમના માતા-પિતાની સાથે ઝપાઝપી કરી ઈજા પહોંચાડી. ફરિયાદી કમૂબેન ઠાકોરભાઈ પટેલે ફરિયાદ આપતા આ સાહેદે તપાસ સંભાળેલી અને લગતા-વળગતા સાહેદોના નિવેદન લઈ

આરોપીઓને અટક કરી મુદત અંદર કોર્ટમાં રજૂ કરેલ. આરોપીઓને ઓળખી બતાવે છે. આ સાહેદની ઉલટ તપાસ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ સ્વીકારે છે કે બનાવ વાળી જગ્યાએ લોકોની વસ્તી આવેલી છે. એ વાતનો સ્વીકાર કરે છે કે ફરિયાદીના સગા-સંબંધીઓ સિવાય બીજા કોઈના નિવેદન લીધેલા નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે પંચોને સ્થળ પર હાજર રાખેલા નથી. એ વાતનો સ્વીકાર કરે છે કે કોરોના મહામારી બનાવ સમયે ચાલતી હતી. એ વાતનો સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ તે સમયે સેનિટાઈઝરનો છંટકાવ કરવા ગયેલા તેવી હકીકત તેમની તપાસમાં ખુલેલ અને એ વાતનો ઈન્કાર કરે છે કે આ કામના આરોપીઓએ આવો કોઈ ગુનો કરેલ ન હોય પરંતુ ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૪) આમ તમામ પુરાવા ધ્યાને લેતા, ફરિયાદી તથા તેમના પુરાવામાં આરોપીઓએ તેઓના પતિને માર મારેલ છે અને આરોપીઓ પૈકી હિંમતભાઈને ઓળખી બતાવે છે. આમ ફરિયાદીના પુરાવામાં વિરોધાભાસ જણાય આવે છે, પરંતુ તે વિરોધાભાસને કારણે ફરિયાદી તમામ હકીકત ખોટી જણાવે છે તે માની શકાય નહીં. વધુમાં, ફરિયાદીના પુરાવાના સમર્થનમાં આ કામના ઈજા પામનાર સાહેદ ઠાકોરભાઈ જીવણભાઈ પટેલના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. તેઓના પુરાવામાં પણ જણાવેલ છે કે આરોપીઓએ તેઓની પત્નીને માર મારેલ. એટલે આ સાહેદના પુરાવામાં થોડોક વિરોધાભાસ જણાઈ આવે છે, પરંતુ આ સાહેદ ઈજા પામનાર સાહેદ છે અને સ્પષ્ટપણે જણાવે છે કે આરોપીઓએ તેઓની સાથે ઝપાઝપી કરેલ છે અને છાતીના ભાગે તેઓને સામાન્ય ઈજા થયેલ. આ બંને સાક્ષીઓનો પુરાવો ન માનવાનું કોઈ કારણ નથી. આ બંને સાક્ષીઓએ આરોપીઓ વિરુદ્ધ પુરાવો આપતા સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપીઓએ અદાવતમાં ગુનો આચરેલ છે. વધુમાં, નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા Lakshman Singh Versus State Of Bihar (Now Jharkhand),2021 (9) SCC 191 ના કેસના ચુકાદામાં નીચે મુજબ

જણાવેલ છે.

> "**(8.)** Now so far as the submission on behalf of the appellants - accused that all the appellants were alleged to have armed with lathis and so far as PW8 is concerned, no injury report is forthcoming and/or brought on record and therefore they cannot be convicted for the offence under Section 323 IPC is concerned, at the outset, it is required to be noted that PW8 in his examination-in-chief/deposition has specifically stated that after he sustained injuries, treatment was provided at Government Hospital, Paatan. He has further stated in the crossexamination on behalf of all the accused persons except accused Dinanath Singh that he sustained 2-3 blows of truncheons. He has also stated that he does not exactly remember that how many blows he suffered. According to him, he first went to Police Station, Paatan along with the SHO of Police Station, Paatan, where his statement was recorded and thereafter the SHO sent him to Paatan Hospital for treatment. Thus, he was attacked by the accused persons by lathis/sticks and he sustained injuries and was treated at Government Hospital, Paatan has been established and proved. It may be that there might not be any serious injuries and/or

visible injuries, the hospital might not have issued the injury report. However, production of an injury report for the offence under Section 323 IPC is not a sine qua non for establishing the case for the offence under Section 323 IPC. Section 323 IPC is a punishable section for voluntarily causing hurt. "Hurt" is defined under Section 319 IPC. As per Section 319 IPC, whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause "hurt". Therefore, even causing bodily pain can be said to be causing "hurt". Therefore, in the facts and circumstances of the case, no error has been committed by the courts below for convicting the accused under Section 323 IPC. "

ઉપરોકત ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે ઈ.પી.કો. કલમ ૩૨૩ મુજબના ગુનામાં ઈજા સર્ટીફીકેટ ન હોવાથી ઈ.પી.કો. કલમ ૩૨૩ મુજબનો ગુનો બનતો નથી તેવું માની શકાય નહી. ઈ.પી.કો. કલમ ૩૧૯ મુજબ કોઈ વ્યકિતને દર્દ આપવું પણ ઈજાની વ્યાખ્યામાં આવે છે. અને કોઈ વ્યકિતને ઈરાદાપુર્વક ઈજા કરવી એ ઈ.પી.કો. કલમ ૩૨૩ ની વ્યાખ્યામાં આવે છે. હલાના કિસ્સામાં ઈજા સર્ટીફીકેટ ન હોય તે માત્ર કારણસર ઈ.પી.કો. ૩૨૩ મુજબનો ગુનો આરોપીએ આચરેલ નથી તે માની શકાય નહી.

(૧૪) આ કામે સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીઓએ શું ગાળો આપેલ અને ક્યા પ્રકારનાં શબ્દોનું ઉચ્ચારણ કરેલ તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આ કામે કોઈ કોલ રેકોર્ડિંગ રજૂ થયેલ નથી. જેથી, આ કામનાં ફરીયાદી કે સાહેદ જાહેર શાંતિનો ભંગ કરવાં પ્રેરાયેલ હોય, તેવી હકીકત પણ રેકર્ડ પર ઉપલબ્ધ નથી. આ કામે

ભોગબનનાર ફરીયાદી કે સાહેદને આરોપીઓએ શું ધમકી આપેલી તેવી સ્પષ્ટ હકીકત સોગંદ ઉપર જણાવતા નથી. વધુમાં, કહેવાતી ધમકીના કારણે ભયના ઓથા હેઠળ હોય તેમ જ ફરિયાદી પોતાની રોજીંદી ક્રીયાઓ ભયના કારણે કરી શકતા ન હોય, તેવી હકીકત રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. જેથી ઇ.પી.કો.ની કલમ–૫૦૪, ૫૦૬(૨) હેઠળનાં ગુનાનાં આવશ્યક તત્વો ફરિયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી, ઇ.પી.કો.ની કલમ–૫૦૪, ૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠારાવી શકાય તેમ નથી.

**(૧૪.૧)** વધુમાં આ કામે આરોપીઓ વિરુદ્ધ જી.પી. એકટ કલમ: ૧૩૫ હેઠળના ગુન્હાનો આક્ષેપ છે. પરંતુ, આ કામે મહે. અધિક જિલ્લા મેજી. સાહેબશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી. કે જાહેરનામાં સંબંધે સંબંધિત કચેરીના કોઈ અધિકારીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. જેથી જાહેરનામું અમલમાં હતું કે કેમ? તે હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં, માનવા ખાતર માની લેવામાં આવેલ કે, બનાવ વખતે હથિયારબંધીનું મહે. અધિક જિલ્લા મેજી. સાહેબશ્રીનું જાહેરનામું અમલમાં હતું તેમ છતાં, સદર જાહેરનામાંની બહોળિ પ્રસિદ્ધિ કરવામાં આવેલ હતી કે કેમ? તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, જેથી ફરિયાદપક્ષ જી.પી. એકટ ૧૩૫ હેઠળના આવશ્યક તત્ત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૧૫) આમ, રેકર્ડ ઉપર રજુ સમગ્ર પુરાવાને વંચાણે લેતાં, આ કામના આરોપીઓએ ઠાકોર જીવણભાઈ પટેલનાઓ સાથે ઝપાઝપી કરેલ અને સામાન્ય ઈજા પહોંચાડેલ હોય તે પુરવાર થાય છે. એટલે આ કામે ઈ.પી.કો. કલમ–૩૨૩,૧૧૪ વંચાણે લેતાં આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી કલમ ૩૨૩ મુજબ ગુનો આચરેલ હોય અને સાહેદને સામાન્ય ઈજા પહોંચાડેલ હોય તે હકીકત સ્પષ્ટ થાય છે. જેથી મુદ્દા નંબર:–૦૧ નો જવાબ "અંશત: હકારમાં" આપી, મુદ્દા નંબર:–૦૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપી (૧) હિંતભાઈ શશીકાંતભાઈ પટેલ,(૨) હિતુલભાઈ હિંમતભાઈ પટેલ,બંને રહે. ડહેલી, ભંડારવાડ, તા. ઉમરગામ,જિ વલસાડ (૩) રીતેશભાઈ નવીનભાઈ પટેલ, રહે. સરીગામ, ભરવાડ ફળીયું, તા.ઉમરગામ, જી.વલસાડ નાઓને ક્રિ.પ્રો.કો. કલમ: ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ-૩૨૩,૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપી (૧) હિંતભાઈ શશીકાંતભાઈ પટેલ,(૨) હિતુલભાઈ હિંમતભાઈ પટેલ,બંને રહે. ડહેલી, ભંડારવાડ, તા. ઉમરગામ,જિ વલસાડ (૩) રીતેશભાઈ નવીનભાઈ પટેલ, રહે. સરીગામ, ભરવાડ ફળીયું, તા.ઉમરગામ, જી.વલસાડ નાઓને ક્રિ.પ્રો.કો. કલમ: ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ-૫૦૪,૫૦૭,૫૦૬(૨) તથા જી.પી. એકટ કલમ: ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી નં.-૪ મહેશભાઈ હરીશભાઈ માહ્યાવંશી મરણ ગયેલ હોવાનું રેકર્ડ ઉપર રજુ થયેલ. જેથી, આરોપી નં.-૪ સામેનો કેસ એબેટ કરતો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ આજ તારીખ ૨૮ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. :- ઉમરગામ
તારીખ :- ૨૮/૦૭/૨૦૨૬

**(સંજીવ કુમાર)**
એડી. ચીફ જયુડી. મેજી.,ઉમરગામ
કોડ નં.જી.જે.૦૧૨૨૧

## –:: સજા અંગેની સુનાવણી ::–

(૧) આ કામે આરોપીઓના વિરુધ્ધ અત્રેની કોર્ટ દ્વારા ઈ.પી.કો. કલમ- ૩૨૩ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. આરોપીપક્ષ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો નોંધાયેલ નથી. આ એક જ ફરિયાદ છે જે નોંધાયેલ છે. તેઓ સમાજમાં સામાન્ય જીવન વ્યતિત કરતા આવેલ છે અને તેઓની ઉપર પારિવારીક જવાબદારી છે. જેથી, પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઈ મુજબ સારી ચાલ ચલણ ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. જયારે વિ.એ.પી.પી.શ્રીનાઓની રજુઆત છે કે, સમાજમાં આવા ગુના અવારનવાર બનતા હોય છે અને લોકોને કાયદાથી બીક રહે અને કાયદાનું પાલન કરે તે માટે સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીઓને વધુમાં વધુ સજા કરવા જણાવેલ.

(૨) બંને પક્ષકારોને સાંભળેલ. આ કામના આરોપીઓને અત્રેની કોર્ટ દ્વારા ઈ.પી.કો. કલમ ૩૨૩ ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. આરોપીઓ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલ નથી તે મુજબનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. ટ્રાયલ છેલ્લા પાંચ વર્ષથી ચાલેલ છે. તે દરમ્યાન આરોપીઓએ અન્ય કોઈ ગુનો કરેલ નથી. તેવા સંજોગોમાં આરોપીઓને પ્રોબેશન ઓફ ઓફોન્ડર્સ એકટ કલમ ૩ મુજબ ઠપકો આપી ફરીથી આ પ્રકારનો ગુનો ન કરવાના બે વર્ષના સારા ચાલ ચલણ ઉપર મુકત કરવામાં આવે છે. આરોપીઓએ ભેગા મળી ઈજા પામનાર ઠાકોર જીવણભાઈ પટેલનાઓને રૂ. ૫૦૦૦/- વળતર ચુકવવાનું રહેશે.

(૩) આરોપીઓએ રૂ. ૨૦,૦૦૦/- ના સારા ચાલ ચલણના બોન્ડ તથા જામીન રજુ કરવાના રહેશે.

હુકમ આજ તારીખ ૨૮ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. :– ઉમરગામ
તારીખ :– ૨૮/૦૭/૨૦૨૬

**(સંજીવ કુમાર)**
એડી. ચીફ જયુડી. મેજી.,ઉમરગામ
કોડ નં.જી.જે.૦૧૨૨૧